મિત્ર, તારૂં મસ્તક નમાવીને હમણાંજ ઈસુને કહે કે તે તમે ક્ષમા કરે, અને તારો ઉધ્ધાર થાય. તે તેમજ કરશે. રોમન ૧૦:૧૩ "કેમ કે જે કોઈ પ્રભુ ને નામે વિનંતી કરશે તે તારણ પામશે."


૧ યોહાન ૫ :૧૦-૧૨ "જે દેવના પુત્ર પર વિશ્વાસ રાખે છે તેના પોતાનામાં તે સાક્ષી છે; જે દેવ પર વિશ્વાસ રાખતો નથી તેણે તેને જૂઠો પાડયો છે; કેમ કે દેવે પોતાના પુત્ર વિષે જે સાક્ષી આપી છે, તે સાક્ષી પર તેણે વિશ્વાસ રાખ્યો નથી. એ સાક્ષી એવી છે કે દેવે આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે. જેને (દેવનો) પુત્ર છે તેને જીવન છે, જેને દેવનો પુત્ર નથી, તેને જીવન નથી."

૧ યોહાન ૫:૧૩ "તમને અનંતજીવન છે એ તમે જાણો, માટે તમારા ઉપર, એટલે દેવના પુત્રના નામ પર વિશ્વાસ રાખનાર ઉપર, મે આ વાતો લખી છે."

રોમન ૧૦:૧૩ ફરી એકવાર વાંચો "કેમ કે જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે

HopeTractMinistry
of Bethel Baptist Church

P.O. BOX 1115 • YORK, SC 29745 • 803-684-1535
WWW.HOPETRACTS.ORG
Where Are You Going? (Gujarati) Tract 565



મારા મિત્ર : તમારા જીવનનો સૌથી અગત્યનો પ્રશ્ન હું તમને પૂછી રહ્યો છું, જેના પર તમારા માટે અનંતકાળ નો હર્ષ અથવા યાતના આધાર રાખે છે. મોટો પ્રશ્ન એ છે કે શું તમે તારણ પામ્યાં છો? તમે કંઇ મંડળીના સભ્ય છો, તે નહિ પણ શું તમારૂં તારણ થયું છે? તમે કેટલા સારાં છો એ નહિં, પણ શું તમે તારણ પામ્યાં છો? પ્રભુ ઇસુએ નીકોદેમસને કહ્યું કે "તારે નવો જન્મ પામવો જોઇએ" (યોહાન ૩:૭).. તમે નવો જન્મ પામો એ આવશ્યક છે.

પ્રિય મિત્ર, તમારૂં મૃત્યું જો હમણાજ થવાનું હોય તો તમે સ્વર્ગમાંજ જશો એવી તમને ખાત્રી છે? જો ના હોય, તો તમે તે મેળવી શકો છો. કોઇ ઉપદેશક અથવા કોઇ મંડળી દ્વારા નહિ, પણ દેવના વચન માંથી તમે એ જાણી શકો છો કે તમે તારણ પામ્યાં છો.

સૌથી પહેલાં તમે એ કબૂલ કરો કે તમે પાપી છો.

રોમન ૩:૧૦ "જેમ શાસ્ત્રમાં લખેલું છે તે પ્રમાણે, કોઇ ન્યાયી નથી, એક પણ નથી."

રોમન ૩:૧૨ "તેઓ સઘળાં ભટકી ગયા છે. તેઓ સર્વ નકામા થયા છે; સત્કાર્ય કરનાર કોઇ નથી, ના એક પણ નથી"

રોમન ૩:૨૩ "કારણ કે સઘળાએ પાપ કર્યું છે. અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે."

મિત્ર, પ્રભુ ઇસુ મરણ પામ્યા કેમકે તે તમને ચાહે છે અને એ માટે કે તમે અનંતકાળ સુધી તેની સાથે સ્વર્ગમાં રહો.

રોમન ૫:૮ "પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારૂ મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણાં પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે."

ઇસુનો સ્વીકાર કરવામાં જો તમે નિષ્ફળ જશો, તો પાપનું પ્રતિફળ, જે મરણ અથવા નર્કાગ્નિ છે, તે તમારે ભોગવવું પડશે (ગીત શાસ્ત્ર ૯:૧૭)

રોમન ૬:૨૩ "કેમ કે પાપનો મુસારો મરણ છે" ખ્રિસ્તે તમારા માટે વધસ્તંભ પર જે કર્યું છે તેનો જો તમે સ્વિકાર કરશો તો તમને અનંતજીવન મળશે.

રોમન ૬:૨૩ "પણ આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે."

હા, જો તમે હમણાંજ તારણ પામવા ચાહો છો, તો તે ભેટ (અનંતજીવન) તમારી છે. તમે અનંતજીવન ખરીદી શકતા નથી, કેમ કે ઇસુ ખ્રિસ્તના રક્ત વકે તેને મૂલ્ય આપીને પહેલેથી ખરીદી લેવામાં આવ્યું છે.

તમારે કેવળ એટલું જ કબૂલ કરવાનું છે કે તમે તારણ ખરીદી શકો નહિ, અને હમણાંજ ઇસુ ખ્રિસ્તને તામારા પ્રભુ તરીકે સ્વિકારી લો. તે તમારો ઉધ્ધાર કરશે.

રોમન ૧૦:૯ "જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો એવો વિશ્વાસ તારા અંતઃકરણ રાખીશ, તો તું તારણ પામીશ."